"જિતાભાઈ! એ જિતાભાઈ!"

તુવેરના લહેરાતા ખેતરને સામે શેઢેથી અવાજ આવ્યો પણ કૂવામાં મૂકેલા પંપના એકધારા ભભખ-ભભખ-ભખભખમાં ખોવાઈ ગયો. અભિજિતનું ધ્યાન પાણીના પ્રવાહ પર હતું. હજી અડધો કલાક પંપ ચલાવવો પડશે. એટલામાં લગભગ શેઢા લગી પાણી પહોંચી જશે. પછી મશીનની ઓરડીને તાળું મારીને સીધા ઘેર!

"ઓ જિતાભાઈ!" ફરી સાદ આવ્યો.

આ વખતે અભિજિતે સાંભળ્યું.

"શું છે?" એણે હાથ હલાવીને પૂછ્યું.

એ તરફ નજર માંડી તો કરસન ઉતાવળે પગલે આવતો દેખાયો.

બરાબર સંભળાય એટલો પાસે આવ્યો કે તરત બોલ્યો, "મશીન બંધ કરીને હેંડો ઝટ ઘેર!"

"કેમ?"

"મોટા બોલાવે છે."

"શા વાસ્તે?"

"હું ના જાણું. દોડતો જા કહ્યું એટલે પૂછવા કેમનો ઊભો રહું? ઠોયાની જેમ ઊભો રહેલો દેખે તો ધૂળ ખંખેરી નાખે ને મારી! હશે, કંઈ કામ હશે તો જ બોલાવ્યા હશે ને તમને? નહીંતર ખેતરેથી બોલાવે કંઈ?"

"કોઈ માંદુંસાજું તો નથી ને?"

"ના ના, એવું તો કશું નથી લાગતું જિતાભાઈ! આ ચંદુભાઈને ઘેર જાન આવી છે ને એમાંથી કોક મે'માન આવ્યા છે આપણે ત્યાં."

"એમ બોલ ને ત્યારે!" કહીને અભિજિત ઉતાવળે પગલે મશીનની ઓરડીમાં ગયો. મરશે, ચાર ચાસ તરસ્યા રહી જશે તો આભ નહીં તૂટી પડે. એવું હશે તો સાંજુપહોરના ફરી વાર ક્યાં નથી અવાતું? પંપ બંધ કરીને બધું ચોકસાઈથી તપાસી લીધા પછી બારણે તાળું મારીને એણે કરસનની સાથે ચાલવા માંડ્યું.

એના મનની ખુશીએ પગને પાંખો ઉગાડી. નક્કી બાપુએ વાત ચલાવી હશે. નહીંતર પછી મોટા કાકાએ. કંઈ કરતાંયે આ વખતે જો વાતનો મેળ પડી જાય ને!

"જિતાભાઈ! ધીરા હેંડોને!" કરસનને હાંફ ચડી.

અભિજિતે પાછું વાળીને એને કહ્યું, "તું તારે આવ પાછળ પાછળ." અને પછી પહેલાંના કરતાંયે વધારે ઝડપથી ચાલવા માંડ્યું.

મંજુ એને બહુ વહાલી હતી. શાંત, નમણી અને કહ્યાગરી એ છોકરી આમ તો ઘરમાં બધાની લાડકી હતી, પણ અભિજિતનો અને એનો એક ખાસ સંબંધ હતો. કોઈએ એનું મન દુભાવ્યું હોય કે પછી કંઈક જોઈતું હોય ત્યારે એ અભિજિત પાસે જઈને મૂંગી-મૂંગી ઊભી રહેતી.

"શું થયું છે મારાં બહેનબાને?" અભિજિતને બે-ચાર વાર પૂછવું પડતું ત્યારે માંડ ફરિયાદ બહાર પડતી. જો વાતમાં માલ ન હોય ને અભિજિતને હસવું આવી જાય તો મંજુ ખૂબ ચિડાઈ જતી એટલે હવે એ ગમે તેવી વાત હોય તોયે બહુ ગંભીર ભાવે સાંભળતો અને કહેતો, "એ...મ? મારી મંજિમાને એવું કહ્યું? હવે વાત છે તુષારની! એને ઘેર તો આવવા દે, જોજે કેવો સીધોદોર કરી નાખું છું!"

"એની વાત નહીં સાંભળતા."

"ના, બિલકુલ નહીં સાંભળું. પણ જા, હવે પાણી પી આવ જોઈએ! અને મારે માટે પણ એક પ્યાલો લેતી આવજે."

તુષાર એ બંનેથી નાનો હતો. મંજિમાથી પાંચ વરસે અને અભિજિતથી સાત વરસે. રઘુભાઈ અને શારદાબહેન કલકત્તાનો વસવાટ સંકેલી લઈને ગામ પાછાં આવ્યાં ત્યાર પછી ચાર વરસે એ જન્મ્યો હતો. એટલે જ એનું નામ પ્રમાણમાં સાદુંસીધું હતું અને એના એ સ્વરૂપમાં વપરાતું હતું, જ્યારે અભિજિતને જિતુ બનવું પડ્યું હતું અને મંજિમાને મંજુ. શારદાબહેનની બંગાળી પડોશણે શોધેલાં આ બન્ને નામ કાશીપરાના લોકોને મોંએ ચડતાં જ નહોતાં એટલે સ્કૂલના રજિસ્ટરમાં અને એવી-એવી ઠાઠની જગ્યાઓએ જ અભિજિત અભિજિત રહી શક્યો હતો અને મંજિમા મંજિમા. બાકી તો જિતુ, મંજુ ને તુષાર એ નામ જ ચલણી બન્યાં હતાં. જોકે શારદાબહેને તો તુષારના જન્મ વખતેય કલકત્તા કાગળ લખ્યો હતો, પણ કાં તો એ લોકોનું સરનામું બદલાયું હશે કે પછી જૂના સંબંધમાં રસ નહીં રહ્યો હોય એટલે કલકત્તાથી કંઈ એવું નવું અને લોકો છક થઈ જાય એવું નામ આવ્યું નહોતું. પછી શારદાબહેને પોતે જ વિચાર કરી-કરીને આ 'તુષાર' નામ શોધી કાઢ્યું હતું. કદાચ પેલી પડોશણના મામાના દીકરાનું નામ વારેવારે બોલાતું હોવાથી યાદ રહી ગયું હશે. એનું નામ હતું તુષારકાન્તિ ઘોષ. પણ શારદાબહેનને હવે સમજાઈ ગયું હતું કે કરકસરિયા ગુજરાતમાં આટલું લાંબું નામ ન ચાલે એટલે નાનો દીકરો પછી તુષાર બન્યો અને તુષાર જ રહ્યો. એનું નામ ટૂંકું થાય એવું નહોતું અને બદલાયું પણ નહોતું એટલે જિતુ, મંજુ તુષારનાં નામ એકસાથે બોલાય ત્યારે ઊલટાનો એનો વટ પડતો.

મોટા ભાઈને ચીડવવાની તો એની હિંમત નહોતી, પણ મંજિમાને એ બહુ પજવતો. મંજલી,

માંજરી, મંજુડી એવું બધું કહેતો અને કોઈ પણ વાતે એની ચાડી ખાવા મળે ત્યારે ખુશખુશ થઈ જતો. બહેન મોટી હોવા છતાં એને હંમેશાં ટુંકારા કરતો અને હુકમ ચલાવવાની એકે તક જવા દેતો નહીં. હમણાંનો વળી થોડો ઠરેલ થયો હતો, પણ હતો પાછો પાકો ગણતરીબાજ એટલે અભિજિતને ચિંતા હતી કે પોતે મોડો પહોંચે ને તુષાર ક્યાંક બાજી બગાડી ન નાખે. મંજિમાને માટે થોડું તણાવું પડે તો પણ એને સુખી કરવી જ જોઈએ એ સત્ય એને હજુ સમજાયું નથી. કદાચ મંજિમા એને એટલી બધી વહાલી પણ નથી.

જોકે મોટા કાકા આવ્યા હશે. એ બરાબર વહેવારીઆ છે, વળી પાંચમાં પુછાય એવા છે, પણ આ મોટા ગામના માણસોનો કંઈ ભરોસો નહીં. વાતવાતમાં ખોટું લગાડી બેસે ને બધી વાત વણસી જાય તો શું કરવું? મોટા કાકા બહુ ભણેલા નહીં ને બાપુનો મિજાજ તેજ. પૈસા કમાઈ જાણ્યા તેથી શું? વિનય-વિવેકથી વાત કરીને સામાને ગળે પોતાની વાત ઉતારતાંયે આવડવું જોઈએ ને!

અભિજિતને પોતાની જાત પર પૂરેપૂરો ભરોસો હતો. ભલેને અત્યારે ખેતી કરતો હોય, આખરે તો વલ્લભવિદ્યાનગરનો ડબલ ગ્રેજ્યુએટ ને! લોકો એને ઘણી વાર પૂછતા, “હેં જિતાભાઈ, આટલું ભણી ભણીને આખરે તો ઢાંકણીમાં જ વાળ્યું ને?”

“શાથી એવું લાગ્યું?”

“આ અમેય બળદિયાનાં પૂંછડાં આમળીએ છીએ અને તમેય આમળો છો. વાંચી વાંચીને આંખો ફોડ્યાનો શો લાભ, હેં?”

‘છે ભાઈ, છે! કોક દહાડો બતાવીશ.”

એ દહાડો બહુ દૂર નહોતો લાગતો. અભિજિતની ખેતી અવ્વલ નંબરની. હિસાબ પણ ચોખ્ખોચટ. વળી સરકારી કામકાજ કે કાગળિયાંથી જરાયે બીએ નહીં એ કંઈ જેવીતેવી વાત હતી? કૉમર્સ લીધેલું એટલે કમાયેલા પૈસા વધારવાની વિદ્યા પણ બરાબર જાણતો. ખેતીને માટે ઉપયોગી મશીનો શી રીતે વાપરવાં, જાળવવાં અને સમારવાં તે પણ ચોપડીઓ વાંચી-વાંચીને શીખી ગયેલો. કામ તો એવું ઉપાડી લીધેલું કે રઘુભાઈને કશું કરવાપણું તો શું, જોવાપણુંયે રહ્યું નહોતું.

આમેય રઘુભાઈને એમના આ મોટા દીકરા પર પૂરો ભરોસો હતો. કામકાજનો તો ઠીક, પૈસાટકાનો પણ પૂરેપૂરો વહીવટ એને સોંપી દીધો હતો. લોકોને મોંએ એનાં વખાણ સાંભળે ત્યારે એમના ચહેરા પર વીલક્ષણ આનંદ છવાઈ જતો.

એટલી મોટી ઉંમર નહોતી થઈ તો પણ નિવૃત્તિનો પૂરેપૂરો આનંદ ભોગવવાનું જેણે સુલભ કરી આપ્યું હતું તે અભિજિત પ્રત્યે કદાચ એ થોડી આભારની લાગણી પણ અનુભવતા હતા. સવાર-સાંજ દર્શન કરવા જતા, બાકી ખાટ પર કે પાટ પર બેસીને હૂકો ગગડાવ્યા કરતા અને આવતા-જતા માણસોને બોલાવી અડધો પ્યાલો ચા પાઈ ગામગપાટા હાંકતા. એમની વાતોમાં અવારનવાર કલકત્તાનિવાસની ઝલક દેખાતી. વચ્ચે-વચ્ચે લાગ ફાવે તો એકાદ બંગાળી શબ્દ પણ ઠોકી દેતા. સામેવાળો મોઢું પહોળું કરીને “હેં મોટા, એ શું બોલ્યા?” એમ પૂછે તેની

એમને ઘણી ગમ્મત પડતી. કલકત્તાની વાતોમાં ક્યારેક કલ્પનાવિહાર પણ ભળી જતો, પણ એનો વાંધો નહીં. સાંભળનારને શી ખબર પડવાની હતી? અને પડે તોયે શું? અહીં કોઈએ કોરટના પાંજરામાં ઊભા રહીને સાચું જ બોલવાના સોગંદ થોડા જ લીધા હતા?

રઘુભાઈ જો ધારે તો કુટુંબવ્યવહારનો ને ન્યાતજાતના કામકાજનો ભાર સહેલાઈથી ઉપાડી શકે એવા હતા, પણ આળસ હવે તો સદી ગઈ હતી એટલે એ જવાબદારી પણ અભિજિતને માથે જ નાખી દીધી હતી. લોકોને આ ગોઠવણ વધારે પસંદ હતી, કારણ કે રઘુભાઈ થોડા આકળા ને ઉતાવળિયા. મનનું ધાર્યું ન થાય તો ઘાંટાઘાંટ કરી મૂકે. જ્યારે અભિજિત શાંત અને ચોક્કસ. પાટીદારોના રીતરિવાજ અને કુળકુટુંબના ઇતિહાસમાં એક્કો ને પાછો જશ ખાટવા જરાયે તૈયાર નહીં એટલે વિવાહનાં ચોકઠાં ગોઠવવાં હોય કે મઝિયારું વહેંચવું હોય કે પછી જમીનના ઝઘડા પતાવવાના હોય તો બધા અભિજિત પાસે જ આવતા અને એની સલાહ માનતા. ગમે એટલો કામમાં હોય તોયે આવનારને હસતે મોંએ સત્કારતો અને એની ઝીણામાં ઝીણી ગૂંચ જાણે પોતાની જ હોય એટલા ધ્યાનથી ઉકેલતો.

નવાઈ જેવી વાત એ હતી કે આટલું ભણેલો હોવા છતાં એને કયા ગામનું કયું કુટુંબ ઊંચું ગણાય અને કયું હલકું ગણાય એ વાતમાં બહુ રસ હતો અને જાણકારી પણ હતી. એ પોતે દાજીના થડિયાનો છે એનું એને ઘણું ગૌરવ હતું અને વંશાવળી કડકડાટ બોલી જવામાં એને અનેરો આનંદ આવતો. પંદર પેઢી પહેલાં થઈ ગયેલા દાજી મૂળ ક્યાંથી આવેલા અને કેવા પરાક્રમી હતા તે વિષે બધા જુદીજુદી વાતો કરતા પણ એટલું તો નક્કી કે એ કોઈક પ્રતાપી પુરુષ હતા અને આ ગામ વસાવનારાઓમાંના એક હતા. દાજીના વંશના માણસો હજુ આજ લગી બીજા બધા કરતાં ઊંચા ગણાતા અને પોતાની એ કીર્તિ ટકાવી રાખવા જાતજાતના ગાંડાઘેલા ખર્ચા કરતા. એમાં બીજા લોકોને પણ થોડુંઘણું ખાટવા મળતું એટલે એમને પણ દાજીના વંશની કીર્તિપતાકા ઊંચે ફરકતી રહે એમાં કશો વાંધો નહોતો. ઊલટાના વખત આવ્યે યાદ કરાવતા, “દાજીના વંશના થઈને તમારાથી આવું કરાતું હશે?”

અભિજિત તરત શરમાઈ જતો, પણ તુષાર એમને ગાંઠતો નહીં. તરત કહી દેતો, “દાજી ગયા અને એમનો જમાનો ગયો. હવે તો અમને ફાવે એ જ રીત અને એ જ રિવાજ.’

એવે વખતે અભિજિત મોં મલકાવીને કહેતો, “અલ્યા ભાઈલા, આપણાથી એવું ના બોલાય. ગમે એમ, પણ આપણે દાજીના થડિયાના.”

“આપણે એકલા?”

“ના, ભાઈ પિતરાઈઓ ખરા, પણ મુખ્ય વેલો તો આપણો જ ને? દાજીના મોટા દીકરા શંકરભાઈ ને એમના મોટા દીકરા વેરીભાઈ ને એમના...’

“બસ, બસ! બહુ વાર સાંભળ્યું છે આ બધું. પંદરમી પેઢીએ આપણા બાપુ અને એમના પાટવી તમે. દાજીના એકદમ અસલી વારસ તમે, બસ? મારે શું? ખેતરમાં મહેનત કરીને કમાઓ પણ તમે ને લોકો ચડાવે તેમ ચડી જઈને વાપરો પણ તમે! હું તો મારે બી.ઈ. પાસ કરીને અમેરિકા ઊપડી જઈશ. આ બધો વહેવાર સાચવ્યા કરજો તમે નિરાંતે!”

"ત્યારની વાત ત્યારે."

"મને અમેરિકા મોકલશો તો ખરા ને?"

"એક વાર ફર્સ્ટ ક્લાસમાં પાસ તો થા."

"પછી નક્કી ને?"

"શારદાબા હા પાડશે તો."

"હવે એમને તો હું મનાવી લઈશ."

"બાપુને?"

"તમે હા પાડશો તો બાપુ કંઈ ના પાડવાના છે? એમને તો તમે દિવસ કહો એટલે દિવસ અને રાત કહો એટલે રાત. હેં મોટા ભાઈ, બાપુ કેમ તમારું બધું માને છે? તમે મોટા છો એટલે?"

"ખબર નહીં."

"તમારે બદલે હું મોટો હોત ને, તો મારું ન માનત. મને ખબર છે, બાપુને તમે બહુ ગમો છો."

વાત સાચી હતી. બધાની નજરે ઊડીને વળગે એવી. રઘુભાઈ અભિજિતનું બધું કહ્યું માનતા. એને બધી વાત કહેતા. અભિજિત ખેતરેથી આવે નહીં ત્યાં લગી કદી વાળુ કરવા બેસતા નહીં. અભિજિતે સહેજ હસીને વાત ઉડાવી, "તને હું નથી ગમતો?"

તુષારે જરા ઉદાસ થઈને કહ્યું, "ગમો છો. એમ તો શારદાબાને, માંજરીને બધાંને ગમો છો, પણ બાપુની વાત જ જુદી. તમને જુએ કે તરત હરખઘેલા થઈ જાય છે."

"તુષાર! વળી પાછી મંજિમાને માંજરી કહી? તું કેમ આવું કરે છે? આપણી બહેન તો ચાર દહાડાની મહેમાન કહેવાય. એને તો લાડેકોડે રાખવી જોઈએ."

"તમે રાખો."

"જોજે ને, એને સાસરે વળાવીશું ત્યારે સૌથી વધારે રડવું તને જ આવશે."

"હોતું હશે? મને તો નિરાં...ત થશે!"

આ બધી વાતો યાદ આવતી હતી અને અભિજિતના પગ ઉતાવળા પડતા હતા. મનમાં ને મનમાં એને એ હકીકતનો આનંદ હતો કે મોટા દીકરા તરીકેની ફરજ બજાવીને એણે બાપુને સુખશાંતિનો અવસર આપ્યો હતો. દાજીના વારસ તરીકે આ બધું એનું કર્તવ્ય હતું. તુષારને અભ્યાસમાં આગળ વધારવો, શારદાબાનું ધ્યાન રાખવું, મંજિમાને સારું સાસરું શોધીને વળાવી દેવી, ગામની બહેનદીકરીઓના વ્યવહારનો ચોપડો જાળવવો અને કાશીપરાની જમીનમાં સોનું ઉગાડવું. આમાંથી એકે વાતમાં એ પાછો પડે તો બાપુ રાજી ન રહી શકે. અને બાપુને આનંદ આપવો એ તો અભિજિતનું જીવન હતું. ખેતરના કામમાંથી નવરાશ મળે ત્યારે શેઢે આવેલી વિશાળ રાયણના થડને અઢેલીને બેસતાં એને જે કવિતા યાદ આવતી એમાંની મોટા ભાગની પિતૃપ્રેમની હતી.